૫૨૬૫

શિક્ષકનો ભોમિયો.

બનાવનાર.
જાદવજી આવજી ગાંધી.
તાલુકા સ્કૂલમાસ્તર ભાવનગર.

અમદાવાદ.
આર્યોદય પ્રેસ.

સંવત્ ૧૯૫૧ સને ૧૮૯૫.

કિમ્મત ૩ આના.

શિક્ષકનો ભોમિયો.

બનાવનાર.

જાદવજી માવજી ગાંધી.

તાલુકા સ્કૂલમાસ્તર ભાવનગર.

અમદાવાદ.

આર્યોદય પ્રેસ.

સંવત્ ૧૯૫૧ સને ૧૮૯૫.

કિમ્મત ૩ આના.

અર્પણપત્રિકા.

રાજકોટ ટ્રેનિંગ સ્કૂલમાં જેમણે મને પોતાના હાથ નીચે પ્રીતિથી સુશિક્ષિત કરેલો અને જેમની ખાસ મદદ અને સદ્‌બોધથી ગૂજરાતી ઊંચી કેળવણીનો હું લાભ લઇ શક્યો આવી મારા પ્રત્યેની નિસ્વાર્થ માયાળુ લાગણીની અલ્પ નિશાની દાખલ આ લઘુ પુસ્તક રાજકોટ ટ્રેનિંગ સ્કૂલના માજી હેડ-માસ્તર સ્વર્ગવાસી રાવસાહેબ હરિવલ્લભ મૂળજીને અતિ પ્રેમથી શ્રાધાંજલી રૂપે મારા તરફથી અર્પણ થાઓ.

પ્રસ્તાવના.

શિક્ષક થયા પહેલાં જે શીખવવાનું તે, અને તે કેવી રીતે શીખવવાનું તે જાણવું જોઇએ. કૂવામાં હોય તો અવાડામાં આવે. જે વાત શિક્ષક જાણતો ન હોય, તે નિશાળીઆને ક્યાંથી શીખવી શકે? વિષયનું જ્ઞાન શિક્ષકનું સંશય રહિત હોવું જોઇએ. કૂવામાં તો પાણી હોય પણ બહાર ખેંચી કાઢવાનાં સાધન ન હોય; થાળું કુંડી બાંધેલાં ન હોય તો બહાર કાઢેલું પાણી અવાડામાં ન આવતાં અવળું બીજે માર્ગે ચાલ્યું જાય. તેજ રીતે શિક્ષક ભણેલો હોય પણ ભણાવવાની શક્તિ ન હોય અથવા વર્ગનો બંદોબસ્ત રાખવાની આવડત ન હોય તો પોતાના કામમાં તે ફતેહમંદ ન થઇ શકે, તેટલા માટે શિક્ષકે વિષયનું જ્ઞાન સંપૂર્ણ મેળવવા ઉપરાંત વર્ગનો બંદો-

ખરત રાખવાની અને ભણાવવાની એ બે શક્તિ સંપાદન કરવી જોઇએ કેટલાક શિક્ષકમાં એ બંને અથવા એમાંથી એક શક્તિ સ્વભાવથી મળેલી હોય છે. તેવાની આ નાનકડું પુસ્તક વાંચવાથી સ્વાભાવિક શકિત વધારે ઉત્તેજીત થશે. પોતે લાભ મેળવી બીજાને લાભ આપી શકશે. ખામીવાળા શિક્ષકો આ પુસ્તકમાં દર્શાવેલા નિયમ જાણી ખંતથી તેનો અમલ કરશે તો તેવા પણ કેટલેક દરજ્જે એ બંને શક્તિઓ મેળવવાને શકિતવાન થશે.

ટુંકામાં કેહેવાનું કે જે રસ્તો કોલેજમાં અભ્યાસ કર્યાથી, પુસ્તકો વાંચ્યાથી અને અનુભવથી મેં જાણેલો છે તે, મારા ધંધાર્થી ભાઇઓને અને તેમાં વિશેષે કરીને જે અનૂટ્રેન્ડ છે અને શિક્ષણકળાથી બીલકુલ અજાણ્યા છે તેમને, બતાવવાની મારી અભિ-

લાષા હોવાથી; અને તે મારી ઇચ્છાને સંરથા- ન ભાવનગરના મહેરબાન દરબારી કેળવણી ખાતાના દફતરી અધિકારી સાહેબ રતિલાલ. ભાઇ છોટાલાલભાઇ દેશાઇ તરફથી ઉત્તેજન મળવાથી આ લઘુ પુસ્તક (ગજવામાં રહે તેવું) બહાર પાડ્યું છે.

મારી સિહોર અને ભાવનગરની નિશાળ- ની નોકરીમાં બુધવારની શિક્ષક સભામાં શિ- ક્ષણસંબંધી જે જે ચર્ચા થતી તેની નોંધ લેવામાં આવતી. તે નોંધમાં ઘટતો સુધારો વ- ધારો કરી આ લઘુ પુસ્તક રૂપે બહાર પાડી તેનું નામ શિક્ષકનો ભોમિયો એવું રાખ- વામાં આવ્યું છે. કારણ અજાણ્યા દેશમાં ભોમિયાથી રસ્તાની વાકેફગારી મળે છે તેવી- જ રીતે આ લઘુ પુસ્તકથી શિક્ષણશાસ્ત્રની દિશા જાણી શકાશે.

છેવટે મારે જણાવવું જોઇએ કે કાઠી-

આવાડ પ્રાંતના મહેરબાન માજી. આ. એ. ઇ. સાહેબ. રાવ બહાદુર ગોપાળજીભાઇ સૂરભાઇ દેશાઇ, તથા હાલના પ્રાંત મજકુરના. એ. ઇન્સ્પેક્ટર સાહેબ મેહેરબાન. એમ. એ. તરખડ સાહેબ બહાદુર; અને ગોહિલવાડ પ્રાંતના રાવસાહેબ ડે. એ. ઇ. સાહેબ દોલતરામ મણીરામ જાચેચ; ઉપશિક્ષકો સુધારવા માટે મારા તરફથી દર બુધવારે થોડો ઘણો પ્રયત્ન થાય છે તે જાણી ખુશી થયા એટલુંજ નહિ પણ એ કામમાં મને કેટલુંક ઉત્તેજન આપેલું તે ખાતે તેઓ સાહેબોનો આ પ્રસંગે ઉપકાર માનવાની મારી ફરજ સમજુછું.

અનુક્રમણિકા.

અભિપ્રાય.

અત્રસ્થળે હું તમારો 'શિક્ષકનો ભોમિયો' જોઇ અંતઃકરણથી રાજી થયો છું. એમાં કાંઇ નવીનપણું છે. માટે નહિ. પણ તેની ઉપયોગીતા સમજીને હું પ્રસન્ન થાઉં છું. એ નાનાં પુસ્તકનું નાના મોટા સર્વ શિક્ષ- કોને ગીતાના પાઠની પેઠે નિરંતર અધ્યયન કરવાની હું ભલામણ કરૂં છું. પ્રત્યેક વિષય ઉપર એમાં મૂકેલાં સૂત્રો સારા શિક્ષક થવું હોય તેણે તેના હૃદયમાં સોનાને અક્ષરે કો- તરી રાખવાં ઘટે છે. જોકે તેમાં સમાવેલી તમામ બાબતો ઉપર અન્ય ગ્રંથોમાં વિસ્તા- રથી વિવેચન થયેલું છે, તથાપિ તમે તે સ- ઘળામાંથી સાર–સત્વ ખેંચીને આ લઘુસંગ્રહ કર્યો છે તે શાળા સાહિત્યમાં એક ઉપયોગી ઉમેરો થયો છે. વિદ્યા સેવા પરત્વે તમારો

દાખલો લઈને બીજા અનુભવી અને વિચારશીલ શિક્ષકો પોતાના અનુભવ અને વિચારનો સાર આવી રીતે પ્રગટ કરતા રહેશે તો તેથી શિક્ષણ સુધારો બળવતર વેગથી આગળ વધશે એમ હું ધારૂં છું.

જુનાગઢ. તા. ૨૪-૧૨-૮૪.

ગણપતરામ અનુપરામ ત્રવાડી.

ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર.

સોરઠ પ્રાંત.

અભિપ્રાય.

લખવાની પદ્ધતિ સારી છે. ટ્રેઇન્ડ વગેરે શિક્ષકોને આપેલી સૂચના યોગ્ય છે. શરૂઆતમાં એકડે એકથી શિક્ષણ શરૂ કેમ કરવું એ પરિપૂર્ણ રીતે ભોમિયામાં દર્શાવવામાં આવેલું છે. જ્યાં જ્યાં દૃષ્ટિ પડી છે ત્યાં ત્યાં મેંને સંતોષ મળ્યો છે. આ પુસ્તક નવા શિક્ષકોને ઘણું ઉપયોગી થઇ પડશે એટલુંજ નહિ પણ બીજાઓને પણ સારી રીતે મદદ રૂપ થઇ પડશે. તા. ૭-૧-૯૫.

પ્રા. ના. ઠાકતર.

કાઠિયાવાડ હાઇસ્કૂલ ફર્સ્ટ આસીસ્ટંટ

માસ્તર.

અભિપ્રાય.

શિક્ષકનો ભોમિયો—આ પુસ્તકનું મેટર અમોએ ધ્યાનપૂર્વક વાંચ્યું છે તે વાંચવાથી અમને અત્યંત આનંદ થાય છે. દરેક શિક્ષક પોતાના અનુભવમાં આવતી બાબતોનો આવી રીતે સંગ્રહ કરે તો કેટલો લાભ થાય ? આ પુસ્તક નાના મોટા સર્વ શિક્ષકોએ અભ્યાસ કરવા લાયક છે અને હમેશાં પોતા પાસે રાખી તેનો નિશાળના કામમાં ઉપયોગ કરવા અમારી ભલામણ છે. નવા ટ્રેન્ડ શિક્ષકોને તે અનુભવી ભોમિયો થઇ પડશે. છેવટ આ પુસ્તકનો અમે જય ઇચ્છીએ છીએ. મુ. ભાવનગર. તા–૮–૧૦–૯૫.

દોલતરામ મણિરામ.

ડે. એ. ઈન્સ્પેકટર પ્રાંત ગોહીલવાડ.

પ્રેમચંદ કરમચંદ શાહ.

સબ ડે. એ. ઇ. પ્રાંત ગોહીલવાડ.

શિક્ષકનો ભોમિયો.

મહેતાજી અને આસિસ્ટંટોની ફરજ.

મુખ્ય મહેતાજીની ફરજ.

૧ પોતાની બેઠક એવે ઠેકાણે રાખવી કે જેથી તમામ શિક્ષક, અને તમામ નાહે તો ઘણા શિક્ષક કેવી રીતે શીખવે છે અને શું કરે છે તે પોતે જાણી શકે.

૨ જે કામને માટે સરકારે મદદગાર આપેલા છે તે કામને તેઓ લાયક છે કે નહીં તે હમેશાં જોતાં રહેવું, અને ભલામણ કરતી વખત તો ખાસ ધ્યાનમાં રાખવું.

૩ નિશાળીઆ દેખતાં આસિસ્ટંટોને ઠપકો ન આપવો, તોપણ તમામ નિશાળીઆના મનમાં એવી પક્કી અસર થવી જો-

ઇએ કે કોઇ આસિસ્ટંટ જુલમ કરે તો તેના વિષેની બ્યાજબી ફર્યાદ મહેતાજી સાંભળે છે.

૪ વારેવારે શીખવી દેખાડવું અને તમામ સારી બાબતમાં દાખલારૂપ થવું.

૫ આસિસ્ટંટો પાસેથી કેવી રીતે કામ લેવાથી નિશાળીઆ અને તેઓ સુધરે; તેમના જ્ઞાનમાં વધારો થાય; નિશાળનો બંદોબસ્ત અને અભ્યાસ વાસ્તવિક રીતે ચાલે; તથા પરીક્ષાનું પરિણામ સારૂં આવે; એ બાબત વારેવારે વિચાર કરવો, યોજનાઓ ઘડવી, અને તે અમલમાં આણવા પ્રયત્ન કરવો. ત્રિમાસિક પરીક્ષાઓ નિયમસર લેવી.

૬ ટ્રેન્ડ શિક્ષકો ઉપર મિત્ર જેવો, અને નાના આસિસ્ટંટ ને નિશાળીઆ ઉપર પુત્રસમ ભાવ રાખવો.

ટ્રેન્ડ આસિસ્ટંટોની ફરજ.

૧ નિશાળના તમામ કામમાં મુખ્ય મહે-

તાજીને અંતઃકરણપૂર્વક મદદ કરવી ને પોતે દાખલારૂપ થવું.

૨ કોઇ યોજનામાં ભૂલ થતી જણાય તો મિત્રભાવે ને વિનયપૂર્વક કારણ સાથે જણાવવી.

આસિસ્ટંટોની ફરજ.

૧ પોતાના વર્ગના નિશાળીઆને સુધારવા.

૨ બતાવેલી રીતિ પ્રમાણે ચાલવા હોંશ અને કાળજી રાખવી.

૩ સોંપેલું કામ સ્વચ્છતાથી પ્રમાણિકપણે કરવું.

૪ ટ્રેન્ડ શિક્ષકોને મોટા ભાઇ તરીકે અને મુખ્ય મહેતાજીને વડીલ તરીકે ગણી માન આપવું, તથા નિશાળીઆ સાથે નાનાભાઇ પ્રમાણે વર્તન રાખવું.

સામાન્ય સૂચનાઓ.

૧ વર્ગના છોકરાઓને એવી રીતે બેસાડવા કે ઠોઠ છોકરા શિક્ષકની નજીકની હારમાં આવે.

૨ સરખે અંતરે—છેક પાસે પાસે નહીં તેમ છેક પહોળા પહોળા પણ નહીં અને આંખ સામું અજવાળું ન આવે પણ અજવાળું સ્લેટ કે ચોપડીપર ડાબે પડખેથી પડે, એવી રીતે બેસાડવા.

૩ શિક્ષકની નજીકની હારના મધ્ય બિંદુથી તે હારની લંબાઇના અર્ધ અંતરે શિક્ષકે પોતાની બેઠક રાખવી.

૪ શિક્ષકની બેઠકની ડાબી બાજુએ ઘોડા પાટીઉં રાખવું. પાટીઉં સાફ કરવાનો પાણકોરાનો સવા હાથ ચોરસ કકડો સૂતળીથી ઘોડા સાથે બાંધેલો જોઇએ, અને લખવા લાયક ચાકનો કકડો પણ જોઇએ. ચાક રાખવા માટે પતરાંનો નાનો ડબો ચુંકથી ઘોડા

સાથે જડાવી લેવો જોઇએ.

૫ જરૂરના કામ સિવાય શિક્ષકે પોતાની જગો છોડવી નહીં.

૬ શિક્ષકની સાધારણુ ખોટી ટેવો.

(૧) પાંજરામાં પૂરેલા સિંહની માફક ફર્યા કરવું.

(૨) લાંબા પગ કરીને કે ટુંટીઆં વાળીને ખુરશી ઉપર કઢંગી રીતે બેસવું.

(૩) ખરાબ રીતે ઉભા રહેવું.

(૪) હોકારા પાડવા.

(૫) કઠણુ વચનો બોલવાં કે ગાળો દેવી.

(૬) અણુઘટતો પોષાક—ભીખારી, ગંદો, વિચિત્ર, કે અમર્યાદ.

(૭) પાન સોપારી ચાવવાં, તમાકુ ખાથી કે સુંઘવી વગેરે.

છોકરાંની નજર શીખવવાની વાતપર ન રહેતાં શિક્ષકની કુટેવો ઉપર પહેલી જાય

છે અને ખરાબ અસર જલદીથી દાખલ થાય છે માટે એ ટેવો શિક્ષકના કામને અવગુણ કરનારી છે એમ ધારી છોડી દેવી.

૭ નિશાળીઆઓની સાધારણ ખોટી ટેવો.

(૧) વારે વારે વર્ગમાંથી ઉઠવું.

(૨) નજર ફેરવ્યા કરવી.

(૩) હાથના કે પગના ચાળા કરવા.

(૪) છોલવું કે ખોતરવું.

(૫) ગજવામાં હાથ નાંખ્યા કરવો–કે ખાવું.

(૬) વારો આવ્યા પહેલાં બોલી ઉઠવું.

(૭) આંગળી બતાવી જવાબ દેવો.

(૮) અંદર અંદર વાતો કરવી

કોઇ પણ છોકરો નવરો રહેવો જોઇએ. શિક્ષકે પોતાની આંખનો એવી રીતે ઉપયોગ કરવો કે દરેક છોકરો જે કરેછે તે

શિક્ષક જોઈ શકેછે એમ જાણે. ઉભો થઇને જવાબ દે, વગર પૂછે કાંઇ કહેવાનું હોય તો બોલતાં પહેલાં આંગળી ઊંચી કરે એવી ટેવ પાડવી.—ખરાબ ટેવ અટકાવવાને માટે ગુનેહ્ગારને નામ દઇ બોલાવવો. અવાજ અને ચહેરો એવી રીતનો તે વખતે ધારણ કરેલો હોવો જોઇએ કે ફકત નામ દીધેથી નિશાળીઓ જાણી જાય કે ફલાણી ટેવ મૂકાવવા માટે થયું. ધ્યાન આપતો ન માલૂમ પડે તેને પ્રશ્નો પૂછવા.

૮ કંટાળેલા જણાય તે વખતે ડ્રીલ કરાવવી.

૯ બેસાડવા ઉઠાડવામાં હુકમનો અમલ તુર્ત કરવાની ટેવ પાડવી.

૧૦ શિક્ષકે બેસાડવા ઉઠાડવામાં હાથ કે પગ ન અડકાડવો પણ ઇશારતથી કામ કરવું.

૧૧ જેમ બને તેમ આંખથી વર્ગનો બંદોબસ્ત રાખવો અને તે કામમાં આંખને મદદ

કરવાને હાથની ઇશારતનો ઉપયોગ કરવો. પણ બોલીને અવાજનો ઉપયોગ સૌથી છેલ્લે કરવાનો છે. કારણકે અવાજ શિક્ષકનું ઘણુંજ જરૂરનું હથીયાર છે શિક્ષકનો જરા પણ અવાજ કે નજર વિદ્યાર્થીઓ જાણી જાય એવી તાલીમ આપવી જોઇએ.

૧૨ તનદુરસ્તી ને આનંદી સ્વભાવ રહેવાનો અને કલાસનો બંદોબસ્ત, અવાજના બરોબર ઉપયોગ કરવા ઉપર આધાર રાખે છે.

૧૩ સ્લેટ એકઠી કરી હોય તે પાછી આપી દેવામાં, ચડઉતર કરવામાં, તથા વર્ગોને જગોએથી હેરફેર કરવામાં ચૂપકીનો ભંગ ન થાય તેમ કરવું જોઇએ.

૧૪ બને ત્યાં સુધી શીખવતી વખત ઘોડા પાટીઆ પાસે સીધા ઉભા રહેવું અને અવાજ તથા આંખને મદદ આપવાને માટે વિષયને લગતી ઘટતી હીલચાલ કરવી.

૧૫ શિક્ષકની તપાસ ન રાખવાની ભૂલથી નિશાળીઆઓમાં બેદરકારી આવે છે તે બેદરકારી પરીક્ષાના પરિણામને અને જ્ઞાનની વૃદ્ધિને નુકશાન કરનારી છે એટલુંજ નહીં પણ આગળ જતાં મોટપણે દુનિઆદારીમાં પણ તેઓ ઓછા ઉપયોગના થઇ પડે છે.

૧૬ સારી રીતે શીખવી શકાય એટલા માટે શિક્ષકે અગાઉથી તૈયાર થઇ રહેવું જોઇએ. કયો પાઠ શીખવવાનો છે, કયાં દ્રષ્ટાંત આપવાનાં છે અને માગવાનાં છે, એવો એવો વિચાર કરી લાવે અને સાધનો એકઠાં કરી રાખે તો અગાઉથી તૈયારી કરી રાખી કહેવાય.

૧૭ ઘણુંખરૂં શીખવવાનું કામ પ્રશ્નોત્તર વડે ચલાવવું અને વાકય પૂરતીનો ઉપયોગ પણ સારી રીતે કરવો.

૧૮ નીચેની જાતના સવાલ ન૦ પૂછવા.

(૧) ફકત હા કે ના જેનો જવાબ આવે તેવા.

(૨) સવાલની સાથેજ જવાબ હોય તેવા.

(૩) જેનો જવાબ અનિશ્ચિત હોય તેવા.

(૪) સવાલની ભાષા ઘણીજ લંબાણમાં હોય તેવા.

(૫) વર્ગમાંથી કોઇપણ જવાબ ન આપી શકે તેવા.

૧૯ છોકરાઓ વિચાર કરતાં શીખે અને પોતાની ભાષામાં પોતાના વિચાર દર્શાવી શકે એવું કરવાને દરેક યુક્તિ કામે લગાડવી જોઇએ.

૨૦ આળસુ અને બેદરકાર છોકરાઓ પાસેથી જ્યાં સુધી જવાબ ન મળે ત્યાંસુધી શિક્ષકે સંતોષ માનવો નહીં.

૨૧ પાઠમાં જે વસ્તુ આવે તે બતાવવી. આકાર, ગુણ, ઉપયોગ સમજાવીએ તોજ એ વસ્તુનો અર્થ શીખવ્યો કહેવાય. વસ્તુ બતાવી ન શકાય તો તેનો નમુનો અને નમુનો ન મળે તો ચિત્ર બતાવવું. ચિત્ર ન બતાવી

શકાય તેનાં પુષ્કળ ઉદાહરણો આપવાં ને લેવાં.

૨૨ શિક્ષકે જે બોલવું તે શુદ્ધ ભાષામાંજ બોલવું અને બોલવા ચાલવાની રીત મીઠાશ ભરેલી રાખવી.

૨૩ નિશાળીઆને રસ ઉપજે એવી રીતે શીખવવું.

૨૪ રસ ઉપજાવવાનાં કારણ.

(૧) જાણીતી વાતોથી શરૂ કરવું.

(૨) પ્રશ્ન પાયરીબંધ પૂછવા.

(૩) વસ્તુ બતાવીને પ્રયોગ કરવા.

(૪) દાખલા આપવા ને લેવા.

(૫) અડચણ ખસેડવી નહીં પણ ખસેડતાં શીખવવી.

(૬) અજાણ્યો શબ્દ પ્રથમ ન વાપરતાં દાખલા ઉપરથી તેનો ભાવ કે વિચાર સમજાવી પછી એ શબ્દ આપવો.

૨૫ નબળા છોકરાને વિશેષ સવાલ પૂછવા. સવાલનો જવાબ ન આવડે તો તે સ-

વાલ મૂકી ન દેતાં તેજ સવાલને સહેલા રૂ-પમાં મૂકવો, એનો જવાબ મળે ચઢતાં ચઢ-તાં પ્રથમના સવાલપર આવવું.

૨૬ સારી રીતે શીખવ્યા બાદ વાંચવા-નું, લખવાનું, ગણવાનું કે ગોખી લાવવાનું શકિત પ્રમાણે એટલું લેસન આપવુંકે વર્ગના ઘણા ભાગથી થાય, ને રમવાનો વખત પણ રહે.

૨૭ પાછલા ધોરણમાં આવી ગયેલી અ-ઘરી બાબત અથવા જે ઠેકાણે યુકિત વપરાઇ હોય એવી કે નિશાળીઆની જાતિ અકકલની પરીક્ષા થાય એવી બાબત યાદ રહી છે કે ભૂલી ગયા છે તે પ્રસંગોપાત તપાસતાં રહેતું. ન શીખેલા કે ભૂલી ગએલા જણાય તો તે બાબત શીખવવી. કારણ પાછલાં ઘોરણનો અભ્યાસ જેમ સારો તેમ ચાલતું ઘોરણ વ-ધારે સહેલથી શીખવી શકાય.

૨૮. મૂળતત્વ પહેલાં સમજાવવાં. ફકત પરીક્ષામાં આવતા સવાલ ઉપરજ પ્રથમથી

ધ્યાન આપવું એમ નહીં પણ નિયમસર શી-
ખવી નવ દસમાસમાં ધોરણનો અભ્યાસ પૂરો
કરાવ્યા બાદ પુનરાવર્ત્તન કરાવતી વખતેજ
પરીક્ષાની ઢબને અનુસરવું.

૨૯ નીતિની અને શરીરની કેળવણી ઉ-
પર બને તેટલું ધ્યાન આપવું. કારણ એકલી
બુદ્ધિની કેળવણીથી માણસાઇ આવતી નથી
અને નિશાળીઆને વાસ્તવિક માણસ બનાવ-
વા એ શિક્ષકનું મુખ્ય કામ છે.

૩૦ શિક્ષકે હમેશાં માયાળુ, ન્યાયી, દ-
ઢ, અને વિદ્યાર્થી રહેવું જોઇએ.

મુખ્ય મહેતાજીને ઉપશિક્ષકો ઉપર ખુશ થવાનાં કારણો.—

૧ નિયમસર હાજરી.

૨ ટાઇમટેબલ પ્રમાણે ચાલવું.

૩ ઉપરીસાહેબ તરફથી થએલા સરક્યુલરનો અમલ કરવાપર લક્ષ.

૪ અભ્યાસની નોંધબુક રાખવી.

૫ નિશાળીઆ સાથેની સારી (માયા ભરેલી તથા પ્રમાણિકપણેની) વર્ત્તણુક.

૬ બતાવેલી રીતિ પ્રમાણે શીખવવાનો પ્રયત્ન કરવો.

૭ વર્ગમાં બંદોબસ્ત ઉપર તથા અભ્યાસ કરાવવા પર બધું ધ્યાન લગાડવાની ટેવ.

૮ દફતર સંબંધી સોંપેલું કામ ચોખ્ખું અને વખતસર કરવાની કાળજી.

નાખુશ થવાનાં કારણો.

૧ મોડું આવવું કે રજા મંજુર થયા પહેલાં ગેરહાજર રહેવું.

૨ ટાઇમટેબલ પ્રમાણે ન ચાલવું, ગમેતેમ ચલાવવું.

૩ શરીર શિક્ષા કરવી, પોતાના વર્ગમાંના છોકરાને ખાનગી ભણાવવા જવું, કે નિશાળીઆ પાસેથી કાંઇ લેવું.

૪ નોંધબુક ન રાખવી અને અઠવાડીઆવાર નક્કી કરેલ અભ્યાસપર ધ્યાન ન આપવું.

૫ હલકાં કે કઠોર વચન બોલવાની ટેવ, પક્ષપાત કરવો.

૬ ગોખણ ચલાવવું કે ગમેતેમ રીત વગર શીખવવું.

૭ વર્ગ સુનો મૂકવો. ભણાવવા સિવાય બીજું કામ કરવું કે વાતચીત કરવી.

૮ દફતર સંબંધી સોંપેલા કામમાં બેદરકારી જણાવવી.

૯ શિક્ષણ સંબંધી ચરચા ચાલે તેમાં અંતઃકરણપૂર્વક ભાગ લેવાની હોંશ.

૧૦ સોંપેલી સંખ્યામાં વધારો કર્યા સાથે પરીક્ષાનું પરિણામ સારૂં.

નિશાળીઆના વાંક.

ગુન્હાનો પ્રકાર.

૧. મોડું આવવું.—

૨. વગર રજાએ ગેરહાજર રહેવું—

૩. ચાલતા વિષયપર ધ્યાન ન આપવું અથવા ભણવામાં આળસ કરવું.—

૯ શિક્ષણ સંબંધી ચરચામાં ભાગ લેવામાં પ્રમાદ.

૧૦ સોંપેલી સંખ્યામાં ઘટાડો અને પરીક્ષાનું પરિણામ નબળું.

અટકાવવાના ઉપાય.

૧ તમે પંડે ટાઈમ પહેલા હાજર થાઓ. મોડા આવનાર પાસે મોડું થવાનાં કારણની ચિઠ્ઠી માગો, ચિઠ્ઠી ન લાવે તેને પા અર્ધો કલાક ઉભો રાખો, ગેરફાયદા જણાવો.

૨ નિશાળીઆને તથા તેના વાલીને ગેરફાયદા સમજાવો. બીજે દિવસે છેલ્લો નંબર પૂરો, વધારે ગેરહાજર રહેનાર પાસે એક બુક રખાવો અને તમાં તેને દરરોજ સહી કરી આપો. સદરહુ બુક તેના વાલી દરરોજ જોવા માગે એમ કરો. ઠબકો.

૩ વર્ગ ઉપર ચોતરફ લક્ષ રાખો. દુર્લક્ષી જણાય તેને પ્રશ્ન પૂછો. ઘણા જણનું દુર્લક્ષ

૪. વગર રજાએ બોલવું કે વાતચીત કરવી —

૫. બીજાના વર્ગમાં તે શિક્ષકની રજા સિવા-ય દાખલ થવું.—

૬. જોઇતો સામાન ન લાવવો કે વગ-ર મંજુરીની ચોપડીઓ લાવવી.—

જણાય કે ઉલટ ન જણાય તો એ વિષય એના લાયક નથી કર્યો એમ સમજો. વિષય સહેલો કરો. જાણીતી વાતોથી શરૂ કરી અજાણી વાત પર લઇ જાઓ. કંટાળેલા જણાય તો ડ્રીલ કરાવો.

૪ વર્ગ ઉપર પૂરૂં લક્ષ આપો. એક જણુજ પ્રશ્નનો જવાબ ઉભો થઇને આપે તેવો ધારો રાખો. બોલે તેને પાંચ નંબર સુધી ઉતારો. જેને બોલવું હોય તે આંગળી ઉંચી કરી તમારી રજા મેળવી બોલે એવી ટેવ પાડો.

૫ ટપકો આપો. જે વર્ગનો નિશાળીયો હોય તે વર્ગના શિક્ષકને એ વાત જણાવો. જેને માટે બીજો શિક્ષક લખી જણાવે તેને થોડા નંબર ઉતારો.

૬ કામ ચલાવતાં પહેલાં તે બાબત તપાસ કરો. જો આ વાંકમાં જણાય તેના કૂલ ટોટલમાં દશ નંબર ઉમેરાવો. માબાપનો વાંક હોય તો તેને સમજાવો.

૭. તોફાન કરવું—

(ગાળાગાળી, મારામારી કરવી કે હોકારા પાડવા.)—

૮. નિશાળના કે બીજાના સામાનને નુકશાન કરવું.

૯ શિક્ષકના કહ્યા પ્રમાણે કરી ન લાવવું. લખવાનું કે વાંચવાનું.

૧૦. બીજાની જણુસ લઇ જવી કે સંતાડવી. (ચોરી)

૧૧. જૂઠું બોલવું.

૧૨. કોપી કરવી.

૭ વર્ગ સુનો ન મૂકો. રસીક લાગે એવી રીતે ભણાવો. ગુન્હેગારની ખાતરી કરી મહેતાજી પાસે ચિઠ્ઠી સાથે મોકલો.

૮ મુખ્ય મહેતાજીને વાંકનું પ્રમાણ જણાવો.

૯ જે ફરમાવો તેની નોંધ રાખો. વળતે દિવસ તેની બરાબર તપાસ કરો. તમારૂં ફરમાન તમે ભૂલી ન જાઓ. નિશાળીઆની શક્તિનો વિચાર કરી તેનાથી થઇ શકે તેટલું લખવાનું વાંચવાનું કે યાદ કરવાનું આપો. બધા છોકરાને છોડ્યા પછી ન કરી લાવનારને થોડો વખત રોકો.

૧૦ મુદ્દા ને પુરાવા સાથે શરીર શિક્ષા થવા મહેતાજી પાસે મોકલો, (રજુ કરો).

૧૧ વર્ગમાં ઠબકો આપો, ઉભો રાખો, હું જૂઠું બોલ્યો એ મેં ખોટું કર્યું. એવાં વાક્ય અમૂક વાર લખાવો. (સ્લેટમાં)

૧૨ છેલ્લો નંબર ઉતારો. પરીક્ષા વખત કાઢી મૂકવામાં આવે છે તે વારે વારે જણાવો. ગેરફાયદા બતાવો. વધારે વાર પકડાય તો શરીર શિક્ષા કરાવો.

૧૩. શિક્ષકની સામા થવું.

☞શિક્ષકો તરફથી રજુ થએલા ગુન્હે-
વતી હથેળીમાં ઘટતી સજા મહેતાજીએ પં-
શરીર શિક્ષા બહુ સાધારણ ન થઇ જા-

૧૩ આ મોટામાં મોટો વાંક છે. આટલે દરજ્જે વાત આવે તે પહેલાં ચેતી જઇ તે નિ-શાળીઆ સંબધી સઘળી હકીકત મહેતાજીને ઝાહેર કરી આવો પ્રસંગ ન આવવા દેવો. કેમકે જેમના વર્ગમાં આવા વાંક બને તે શિક્ષકની નબળાઇ ગણાય છે. બીજાને કબ-જામાં રાખવાની આવડત અને શક્તિ નથી, એવું તે બતાવી આપે છે.

ગારોની બરોબર તપાસ કરી નેતરની સોટી
ડે કરવી અને તેની નોંધ રાખવી.
ય એને માટે બહુ સંભાળ રાખવી.

બાળ વર્ગ.

રંગાકૃતિ.

આકાર, રંગ અને નામ.

(૧) વિદ્યાર્થીઓને એવી રીતે બેસાડવા કે તેથી ગોળ પોણું કુંડાળું થાય. પા કુંડાળાનો જે ભાગ ખાલી રહે, ત્યાં શિક્ષકે પોતે બેસી, પોતાના મોં આગળ લુગડું કે ગુણપાટ પાથરી તેમાં આકાર, રંગ, કે અક્ષર આંકડાના પત્તાં વેરી નાંખવાં.

(૨) આકૃતિનો તખ્તો પોતાના ડાબા હાથમાં શિક્ષકે એવી રીતે પકડવો કે સૌ છોકરાં સારી રીતે જોઇ શકે.

(૩) તખ્તા માંહેલા એક આકાર જેવી આકૃતિ એક છોકરાને શોધી લાવવા કહેવું, શોધી કાઢેલી આકૃતિ ખરી ખોટી ન કહેતાં તખ્તાપરના આકારપર મૂકાવી, ખરી ખોટી

છોકરો પોતાની મેળે સમજે એમ કરવું. બીજા પાસે એવી આકૃતિ માગવી.

(૪) એક આકૃતિ હાથમાં લઇ પૂછવું કે આના જેવો આકાર તખ્તામાં કયે ઠેકાણે છે?

(૫) ગોળ, ત્રણ ખૂણીયાવાળો, ચોખંડો, મોઇ જેવો, બીજ જેવો, એવી રીતે આકારનાં નામ શીખવવાં, એના જેવા આકારની ચીજોનાં નામ પણ માગવાં. ઘરની, બજારની, વગેરે.

(૬) જે વસ્તુનાં નામ દે, તેનો રંગ કેવો છે, શા કામમાં આવે છે, અને શેની થાયછે, એવા સવાલ પૂછવા.

(૭) એવા રંગનું પત્તું બતાવો, તખ્તામાં એવો રંગ કયે ઠેકાણે છે, એવા રંગનાં લૂગડાં કોણ પહેરી લાવ્યું છે. એવા એવા સવાલ કરવા.

(૮) ધોળો, કાળો, રાતો, પીળો. વાદળી, લીલો, નારંગીઓ, જાંબુડીઓ એવા મુખ્ય રંગનાં નામ શીખવવાં. એવા રંગની વસ્તુઓ

મંગાવવી. આકાર પહેલો, રંગ પછી અને છે-
વટે નામ આપવું.

નવીન.

(૯) કાચનાં જૂદા જૂદા રંગનાં મોતીની હાર પરોવતાં શીખવવાથી આંખ અને હાથ બંનેને કામ મળેછે. બધાંનું એક સાથે ધ્યાન લાગે છે, અને રંગની ઓળખાણ વહેલી થાય છે.

(૧૦) જૂદા જૂદા કકડા એકઠા કરી નવો આકાર બનાવવો.

(૧૧) મિશ્ર રંગના પ્રયોગ કરી બતાવવા.

આંકડા અને અક્ષર ઓળખાવવા વિષે.

(૧) પ્રથમ આંકડા કે અક્ષરનાં નામ ન બતાવતાં એવી જાતનો આકાર કયા પત્તામાં છે અથવા પત્તા માંહેલા અક્ષર કે આંકડાના જેવો આકાર તખ્તામાં કયે ઠેકાણે છે તે શો-

ધાવી નજર દૃઢ કરાવવી. ખોટું બતાવે તો કે-મ ખોટું તે મુકાબલો કરી સમજાવવું. આકા-ર નજરમાં ઠરયા પછી તેનું નામ કહેવું.

(૨) બીજે દિવસે બીજા આંકડા કે અ-ક્ષરનું નામ કહેવું. આગળ જે અક્ષર શીખ્યા હોય, તેની સાથે સેળભેળ કરી પૂછવું. એ-ટલે શીખેલા અક્ષરના પત્તાં સાથે નવા અ-ક્ષરનું પત્તું મેલી શોધી કઢાવવું.

(૩) આ કયો અક્ષર છે? અમુક અક્ષ-રનું પત્તુ બતાવો? કોના નામમાં આ અક્ષર પહેલો આવે છે. વગેરે સવાલ પૂછી અક્ષર અને આંકડાનું જ્ઞાન પાકું કરાવવું.

(૪) જાણીતાં જનાવર કે વસ્તુનાં નામ સાથે શીખવવાથી બાળકો ગમત મેળવતાં અક્ષર ઝડપથી શીખી જાય છે. ઉદાહરણઃ- કબૂતરનો ક, ખજૂરનો ખ, ગધેડાનો ગ, ઘ-રનો ઘ, નળનો ન, ઇત્યાદિ, બની શકે ત્યાં સૂધી વ્યંજનની ઓળખાણ માટે એવાં નામ

પસંદ કરવાં કે જેના આદ્યક્ષરમાં અ સ્વર મળેલો હોય. એ વસ્તુના નમુના પાસે હોય તો વધારે સારૂ. નમુના ન હોય તો ચિત્ર.

સંખ્યા વિષે:–દશ ગણુતાં શીખવવાવિષે.

(૧) એક લખોટો બતાવો, એક આંગળી ઊંચી કરો, એક છોકરો ઉભો થાય. એવા એવા સવાલ પૂછી છોકરાના મનમાં એક વિષેનો વિચાર ઉત્પન્ન કરવો.

(૨) એકમાં એક બીજો નાંખી કહેવું કે આ બે કહેવાય. તમારે કાન કેટલા, પગ કેટલા, હાથ કેટલા, માથાં કેટલાં, બે છોકરા ઉભા થાઓ, એક હાથ ઊંચો કરો, બે સ્લેટ લાવો, એવા એવા પ્રયોગ કરી બેનો વિચાર ઉત્પન્ન કરવો.

(૩) બેમાં એક નાંખીએ તો ત્રણ થાય, ત્રણુ લખોટા, ત્રણુ કાંકરા, ત્રણુ આંગળી ઊંચી કરો. ત્રણુમાંથી એક કાઢીલો તો કેટલી રહે. એવી રીતે દશ સૂધી ગણુતાં શીખવવું.

પણ એક દહાડામાં નહિ.

એકડા લખતાં શીખવવા વિષે.

(૧) એક કાપો, બે કાપા, ત્રણ કાપા, ચાર કાપા, એમ કાપા કઢાવવા.

(૨) એક કાપાને બદલે એકડો, બે કાપાને બદલે બગડો, ત્રણ કાપાને બદલે ત્રગડો, એમ ટૂંકામાં માંડવાની રીત છે એમ સમજાવવું.

(૩) એક કાપો અને એકડો, એકડો અને બગડો, એનો મુકાબલો કરી બતાવવો, પ્રથમ મીંડું કઢાવી પછી તેને કાપો લગાડી એકડો કરતાં શીખવવું.

(૪) ઘુંટતાં શીખવવું અને તે સાથે લખતાં શીખવવું.

(૫) દશ સૂધી લખતાં આવડ્યા પછી અટકી ગમે તે આંકડો કહીએ તે લખી શકે, અને બતાવીએ તે ઓળખી શકે એવો મહાવરો પાડવો.

(૬) દશ સુધી સારી રીતે ગણતાં અને લખતાં આવડયા પછી દશમાં એક નાંખીએ તો અગીઆર થાય. અને તે ૧૧ આમ લખાય એવી રીતે ગણતાં અને લખતાં શીખવવું. છોકરા પોતાની મેળે લખોટાની જાળીમાં એક સરીયાના દશ લખોટા જૂદા કાઢી બીજા સરીયામાંથી જૂદો એક કાઢી અગીઆર, બે કાઢીં બાર, ઇત્યાદિ લખે તેમ કરવું.

(૭) સો એકડા પૂર્યા કર્યા પછી પાછું કેટલાક દિવસ અટકી ઊલટસુલટ પાટ બોલાવવી. જલદીથી ગમે તે આંકડો ઓળખે અને લખી શકે એવો મહાવરો પાડવો.

૧ લું પગથીઉં સુલટીપાટ. એકડેએક, બગડેબે, બગડે એકડે એકવીશ–ઇત્યાદિ.

૨ જું ,, ગણવું. એક બે, ત્રણ, ચાર, ”

૩ જું ” ઉલટપાલટને દશ, નવ, આઠ, સાત.” ગણવું. છ. પાંચ. ”

સોળ શેર કરતાં બાર શેર કેટલા ગણા? સરવાળા, બાદબાકી, ગુણાકાર, અને ભાગાકાર મોંએ ગણવાની સુગમ રીતો જણાવવી.

૨ જેમાંથી ધારેલી રીત કે કુંચી નીકળી આવે એવા સહેલા સહેલા દાખલા ગણાવી એવે અનુક્રમે તેના જવાબ સુદ્ધાં પાટીઆપર માંડવા કે તે જોતાંજ ચાલાક નિશાળીઆને કુંચી સૂઝી આવે. એનું નામ સૂચક પદ્ધતિ—

૩ એવી રીતે કુંચી શીખવ્યા પછી મનોયત્નને માટે હિસાબ ગણાવવા. છોકરાઓને ઉભા રાખી ધાતોનાં પલાખાંની પેઠે હિસાબ પૂછવા અને મોં એ જવાબ લેવા.

૪ પાટીપર જવાબ લેવા ત્યારે પહેલો મૂકે તેનો પહેલો એમ પણ કરવું.

૫ ખોટા પડે તેની પાસે ગણાવવું. ખરા પડે તેની પાસે ભૂલ સુધરાવવી. જૂદી રીતે

કોઇ એ ગણ્યા હોય તો તે જાણવું, અને સુગમતા ઉપર લક્ષ ખેંચવું.

૬ દાખલા ગણાવ્યા સિવાય પ્રથમ નવી કુંચી કહી હિસાબ ગણાવવા માંડવા એ રીત ઉંધી છે માટે એ પ્રમાણે કદી કરવું નહિ.

૭ ધાતનો ઉપયોગ કરવો.

કુંચી કઢાવવા સારૂ પ્રથમ

(૧) મણને ચાળીસે ભાગીએ તો શેર, રૂપિયાને સોળે ભાગીયે તો આના આવે, ખાંડીને વીશે ભાગીયે તો મણ આવે, આનાને સોળે ગુણીએ તો રૂ. આવે.

(૨) રૂપિયાને દશે, વીશે, ચાળીશે ભાગવા હોય તો દોકડા કરી ભાગવા. ચાર, આઠ, કે બારે ભાગવા હોય તો, આના પાઇ કરી ભાગવા ઠીક પડે.

૮ નીચેની ધાત તથા આંક હિસાબમાં અતિ ઉપયોગી છે માટે તે શીખવી ગોખાવવી.

પા રામ દોઢ દોકડો એક બદામ.

એ ધાત.

નીચેના કોઠા કારણ સહિત ગણાવી ગોખાવવા.

એક પા પા. પોણે પા ત્રણ આના, અરધો પા બે આના, પાપા એક આનો.

૧×૦॥=૦॥ ૦॥।×૦॥=૦।≈ ૦॥×૦॥=૦।, ૦।×૦॥=૦)≈

૧×૦॥।=૦॥।, ૦॥।×૦॥।=૦॥~, ૦॥×૦॥।= ૦।≈, ૦।×૦॥।=૦)≈

૯ કોઇ કોઇ કુંચીઓ ગુણોત્તરનો મુકાબલો કરી શીખવવાની છે. ઉદાહરણ. ખાંડીની કુંચીઓ ઉપરથી કોડીની ને વીઘાંની. શેર ઉપરથી મણની.

બીજે પ્રકાર—રૂપિયે આના આવે તો આને, ઉપઆના આવે. રૂપિયે દોકડા તો. આને બદામ ને દોકડે ફોકડી ઇત્યાદિ.

વાંચન વિષે.

૧ ચોપડીની પ્રસ્તાવના અને તે વિષે જે સરક્યુલર થયા હોય તે ધ્યાનમાં રાખી તે પ્રમાણે વર્ત્તવું.

૨ શીખવવાના પાઠ શિક્ષકે તૈયાર કરવા જોઇએ, એટલે તેમાં કઇ કઇ વસ્તુ બતાવવાની છે; કયો પ્રયોગ કરવાનો છે; તેના વિષે શી સમજણુ પાડવાની છે, અને છોકરાઓને અઘરૂં શું શું લાગશે તે, પ્રથમ વિચારી જવું જોઇએ.

૩ વાંચન પાઠમાં વાંચવું, સમજવું, અને યાદ રાખવું એ ત્રણ કામછે. બધાં ધોરણમાં એ ત્રણે બાબત ઉપર વધતું ઓછું નીચે પ્રમાણે ધ્યાન આપવાનુ છે.

પહેલા ધોરણમાં વાંચનપર ઘણુંજ, સમજણપર સહેજ, અને યાદ રાખવા પર બીલકુલ નહિ.

બીજા ધોરણમાં વાંચનપર ઘણું, સમ-

જણુપર સરખું, અને યાદ રાખવા પર થોડું.

મતલબ બોલીજા એમ છોકરાને કહેવું નહિ પણ પ્રશ્ન પૂછી મતલબ કઢાવવી. કોણે કર્યું? શું કર્યું? શા માટે એમ કર્યું? એમ ન કર્યું હોત તો શું થાત? એવા પ્રશ્ન કરવા.

પ્રશ્ન બે જાતના—શીખવવાના તે સૂચક ને પરીક્ષાના તે પરીક્ષક. પ્રશ્ન ઉપરથી જવાબ સૂઝી આવે તે સૂચક. પરીક્ષક પ્રશ્ન એવા કરવા કે, આખા પાઠની મતલબ સમજ્યા છે કે નહિ તે જણાઇ આવે.

ત્રીજા ધોરણમાં વાંચન ને મતલબપર સરખું અને સમજપર વધારે.

ચોથા ધોરણમાં સમજપર અને મતલબ યાદ રાખવા પર સરખું ને વાંચનપર થોડુ પાંચમા ને છઠ્ઠા ધોરણમાં મતલબ યાદ

રાખવાપર ઘણું, સમજપર એથી થોડુંને વાંચન પર સહેજ.

૪ વાંચન શુદ્ધ, સરલ, અને રસ ભર્યું જો-ઈએ.

૧ શિક્ષકે ઢબ માટે વાંચી બતાવવું.

૨ શબ્દજ્ઞાન બરાબર થાય, અને ઉચ્ચાર સુધર્યા હોય તો શુદ્ધ વંચાય.

સ્થાનનો, અર્થનો, કે વાણીસ્થાનનો, એ ત્રણમાંથી જે દોષ જણાય તે દૂર કરવા પ્રયત્ન કરવા.

૩ વિરામચિન્હ મૂકયાં હોય તે પ્રમાણે વિરામ લઇ વાંચે તો સરલતાથી વંચાય. ઊતાવળે કે અચકાતાં અચકાતાં વાંચે તો તે સરલ ન કહેવાય. સંબંધ પ્રમાણે વાક્યના ભાગ પાડી બોલીએ તેમ વાંચવું જોઇએ.

૪ લખાણમાં જેવો ભાવ હોય, તેવો ભા-વ પોતાને તથા સાંભળનારને ઊત્પન્ન થા-ય તેનું નામ રસ ભર્યું વાંચ્યું કહેવાય.

રાગડો કાઢીને કે, ડોળ ઘાલીને વાંચે એ રસ ભર્યું ન કહેવાય.

૫ શબ્દાર્થ, વ્યુત્પત્તિ, વ્યાખ્યા, પદચ્છેદ, અને વાકયનું વિવેચન કે પ્રયોગ ઘટતે ઠેકાણે કરવાથી વાંચન પાઠ સમજાય છે. વાંચેલું મોઢે બોલી જાય તે સમજણ નહીં. વાંચનમાં કઠણ શબ્દની જોડણી અને વ્યાકરણ વગેરેના સવાલ વગર જરૂરના (સારૂં વાંચન થવાને કે તેની મતલબ સમજવાને મદદ ન કરે એવા) કરવાથી વાંચન પાઠનો મુખ્ય હેતુ ઢંકાઇ જાય છે. એ શિક્ષકે ભૂલવું ન જોઇએ.

૬. વારેવારે મતલબ પૂછવાથી ને સ્લેટમાં લખાવી જોવાથી મતલબ યાદ રહે છે. વગર સમજણે ગોખી જવાથી યાદ રહેતું નથી.

૭. વર્ગની સામાન્ય પરીક્ષા કર્યા પછી છોકરાવાર પરીક્ષા લેવી. જે પાઠની પરીક્ષા કરવાની હોય તેમાંના અઘરા શબ્દ, વાકય

અને આખા પાઠનો સાર વર્ગમાં પૂછી જોવાથી શીખવેલું કેટલે ભાગે આવડ્યું તે સારી રીતે જાણી શકાય છે. નબળા છોકરાની પ્રથમ પરીક્ષા, વખત બચેતો બાકીનાની. વચ્ચે વચ્ચે સવાલતો બધાને પૂછતા રહેવું. એમ નહિ કરોતો બીજા છોકરા કંટાળશે અને બીજામાં મન ઘાલી તમને હરકત કરશે.

ડિક્ટેશન વિષે.

૧. લખાવતી વખત એકજ વખત બોલવું જોઇએ. એકી વખતે કેટલું બોલવું તેનો નિયમ આપી શકાતો નથી. મધ્યમ છાંટવાળો લખી રહે ત્યાં સુધી થોભવું.

૨. વખત બચાવવાને માટે ડિક્ટેશન લખાવી રહ્યા પછી ત્રીજા નંબરની સ્લેટ છેલ્લા નંબરવાળાને, બીજાની, છેલ્લાની ઉપરનાને. અને પહેલાની તેની ઉપરનાને અપાવ્યા પછી ચોથાની પહેલાને, પાંચમાની બીજાને એમ અનુક્રમે જોવાને માટે અપાવવી. શિ-

ક્ષકે જોડણી કહેતાં જવું અને નિશાળીઆ-
એ ખોટી જોડણીવાળા શબ્દને માથે ચોકડી
કરવી.

૩. ઉપરની રીતે ભૂલો કઢાવ્યા પછી
શિક્ષકે પાંચ સાત સ્લેટો ગમે તે નંબરવા-
ળાની જોઇ જવી કે જેથી જાણી જોઇને
ભૂલ જતી કરવાને છોકરાઓ ડરે.

૪. એમ કર્યા પછી સૌને પોતપોતાની
સ્લેટ મળે તેમ કરવું પછી કહેવું કે સૌ
પોતપોતાની સ્લેટ જોઇ જાઓ. તકરાર હોય
તે ઉભા થાય. એક પછી એક તકરાર સાં-
ભળી યોગ્ય નિકાલ કરવો.

૫. એક જણને ઊભો કરી પૂછવું કે
તારે કઇ ભૂલ છે? એવી ભૂલ બીજા કોણે
કોણે કરી છે તે જોવું. ઘણાએ ભૂલ કરી
હોય તેવા શબ્દની જોડણી પાટીયાપર કરી
બતાવવી.

૬. ભૂલો પડી હોય તે કદી સુધરાવ્યા

સિવાય રહેવું નહિ. વધારે ભૂલો કરનાર પાસે ઘેરથી લખાવી મંગાવવું.

૭. વાકયોની સાથે અઘરા શબ્દો પણ લખાવવાનો રીવાજ રાખવો. બીજા ધોરણુ-માં ફક્ત જોડાક્ષરવાળાજ શબ્દો લખાવવા એમ નહિ, પણ ચોપડીમાં આવેલા જોડાક્ષર વિનાના બીજા શબ્દો પણ લખાવવા.

૮. વાંધાવાળા શબ્દોની નોટ કાઢવી.

૯. કોઇ કોઇવાર દાખલા ઉપરથી જો-ડણીનો નિયમ કઢાવવો.

કામ, ધામ, કાણુ, પાન, ખાણુ, માન, એવા શબ્દમાં અનુનાસિક પહેલાના અ-ક્ષર ઉપર અનુસ્વાર ન જોઇએ.

પ્રીતિ, રીતિ, શકિત, જાતિ, ભકિત, જુ-ક્તિ એમાં નામ કરનાર તિ પ્રત્યય હ્ર-સ્વ છે. નદીઓ અથવા નદિયો એ પ્રત્યય સ્વર કરેતો એની પહેલાં દીર્ઘ ઈ જોઇએ. અને હ્રસ્વ ઇ કરે તોય ક-

રવો જોઇએ. એશિઆમાં એમ નહિ કારણ એ શબ્દ પરભાષાનો છે.

એકાક્ષરી શબ્દ સિવાય છેડાનો ઉ હ્રસ્વ છે.

૧૦. ત્રીજા ચોથા ધોરણવાળાને અઠવાડીઆમાં એક દિવસ અને પાંચમા ધોરણવાળાને બે દિવસ ચાકથી ડિકટેશન લખાવવું.

૧૧. છઠ્ઠા ધોરણવાળાને અઠવાડીયામાં એકાદ દિવસ શાહીથી નિબંધના વિષયમાં ડિકટેશન લખાવવું.

૧૨. વાંચન પાઠ જે ચાલતો હોય તેમાંથીજ ડિકટેશન તૈયાર કરાવવું.

૧૩. લખાણની ભાષા ને બોલાતી ભાષામાં ભેદ હોય ત્યાં પણ બોલાતી ભાષામાં જ બોલવું. ઉદાહરણ. કહેવું ન બોલવું પણ કે'વું બોલવું. અને તે વિષે જે સરક્યુલરો થયા હોય તે ધ્યાનમાં રાખવા જોઇએ.

કવિતા.

૧ વાંચવી, સમજવી અને યાદ રાખવી એ ત્રણ કામ છે.

૨ કવિતા તો વાંચતાં આવડે એમ ન સમજવું, શુદ્ધ, સરલ અને રસિક લાગે એવી રીતે ઢાળ પ્રમાણે વાંચતાં શીખવવી જોઇએ.

૩ વાંચતાં શીખવ્યા પછી એક કડી બોલી તેમાં આવેલા શબ્દોના અર્થ પૂછવા. પર્યાય શબ્દો અને તેથી વિરૂદ્ધ અર્થના શબ્દો આપવા અને લેવા.

વ્યુત્પત્તિ કરાવી મૂળ અર્થ અને ચાલતો અર્થ શીખવવો. કેટલેક ઠેકાણે શબ્દના અર્થથી ન સમજાય, પણ શબ્દાવળીના અર્થથી ઠીક મતલબ સમજાતી હોય ત્યાં તેમ કરવું.

૪ શબ્દાર્થ શીખવ્યા પછી બીજા ત્રીજા ધોરણમાં સવાલ પૂછી મતલબ કઢાવવી.

નિશાળીઆના જવાબમાં કાંઇપણ સાચો અંશ હોય તે ઉપાડી લેઇ પોતે વાકય પૂરૂં કરવું. ઉંચાં ધોરણમાં મતલબ કઢાવવા ક્રિયાપદ કયું છે તેનો કર્ત્તા કર્મ કોણ? વિશેષણ વિશેષ્ય વગેરે પૂછી છોકરા પાસે અન્વય કરાવવો.

૫ અન્વયથી ન સમજાય ત્યાં ભાવાર્થ અવશ્ય કહેવો જોઇએ.

૬ મતલબ સમજાવ્યા પછી ગોખવા આપવી. બીજે દિવસે ગોખી લાવ્યા હોય તે બોલાવવી. બોલાવી રહ્યા પછી શબ્દાર્થ અને મતલબ વગેરે પૂછી જવું.

૭ છઠ્ઠા ધોરણમાં કવિતાનું તાળ, માપ વગેરે પાટીયાપર સાક્ષાત્કાર કરવું જોઇએ અને તાળ સહિત બોલાવવાનો પાંચમી ચોપડીથી મહાવરો પાડવો જોઇએ.

૮ કવિએ જે મનોભાવથી કવિતા કરી હોય તે ભાવ સમજવાને માટે નિશાળીઆ-

આ શિક્ષકે સમભાવ ઉત્પન્ન કરવો જોઇએ.
(ઉંચું જ્ઞાન લેનારને માટે)

સમભાવ ઉત્પન્ન કરવાને અલંકાર વગેરેનું જ્ઞાન આપવું જોઇએ તેમજ જે વખતે કવિતા બની હોય તે વખતમાં દેશાચાલ અને લોકોનું માનવું કેવું હતું તે સમજાવવું જોઇએ.

૯ ગદ્યના વ્યાકરણ નિયમથી પદ્યના વ્યાકરણ નિયમમાં કેટલોક ફેર છે તે પ્રસંગોપાત સારી રીતે સમજાવવું જોઈએ.

ભૂગોળ.

૧ જાણીતી વાતથી શરૂ કરવું. પાસેની વાત વધારે અને દૂરની ઓછી શીખવવી એવો બીજા અને ત્રીજા ધોરણ સુધીનો અભ્યાસ કરાવતાં સુધી ક્રમ રહે. પછી આગળ ચાલતાં વધારે જરૂરની પહેલી વાત શીખવવાની જરૂર પડે છે.

૨. દિશાનું જ્ઞાન થયા પછી નકશો એટલે શું તે નીચે પ્રમાણે સમજાવી શકાય. એક ચિત્ર બતાવી પૂછવું કે આ શું છે ? ઉંટ એની ઉપર બેસો જોઇએ ? ન બેસાય. ઉંટ ઉપર નથી બેસાતું ? ભાઇ આતો ચિત્ર છે. આ ચોપડીમાંથી બીજાં કોઇ જનાવરનું ચિત્ર બતાવો ? માણસનું ચિત્ર બતાવો ? માણસના ચિત્રને છબી કહે છે. મેં શું કહ્યું ? આપણે બેઠા છીએ તે ઓરડાનું ચિત્ર કાઢીએ. પહેલું આપણે શું કરવું ? આ સવાલના જવાબ જૂદા જૂદા આવશે. ખરો અથવા ખરાને લગતો જવાબ ઉપાડી લેઇ દિશાઓ નક્કી કરી ભૂગોળ ભાગ ૧લામાં આપેલી સૂચના પ્રમાણે ઓરડાનો નકશો કાઢવો. પછી પૂછવું કે આ કોનું ચિત્ર ? ઓરડાનું. ઓરડાનું ચિત્ર નથી કહેવાતું નકશો કહેવાય છે. ક્યા ચિત્રને નકશો કહેવાય છે ? એમ ગમે તે જમીનનું ચિત્ર હોય તેને પણ નકશો ક-

હેવાય. એવી રીતે કાંઇક નકશાનો અર્થ ઉતર્યા પછી છાપેલો નકશો બતાવવો અને તેની દિશા પૂછવી.

૩. આગળ, પાછળ, ઉપર, નીચે, ડાબી તરફ જમણી તરફ એમ એકબીજા પદાર્થના સ્થળ વિષેનો સંબંધ શીખવ્યા પછી દિશા વિષે પાઠ આપવા જોઇએ.

૪. નકશામાં ગામને માટે ટપકું, નદીને માટે લીટી, પર્વતને માટે કરકરીઆં વાળું ચિન્હ, એવાં જૂદાં જૂદાં ચિન્હ શા માટે વાપરે છે તે સમજાવવું અને નકશામાં બતાવવું.

નામવાળા અક્ષરને ગામ કે પર્વત સમજે છે એમ ન થવા દેવું.

૫. જે ગામ, નદી કે પ્રાંત શીખવવાનો હોય તે શિક્ષકે પ્રથમથી નક્કી કરી કયે ઠેકાણે નકશામાં આવે છે તે જાણી લઇ પાટીયાપર નકશો કાઢી શીખેલાં ગામ તેમાં કુ

યે ઠેકાણે આવે તે પૂછતાં જઇ તેની પાસે ફલાણું ગામ કે નદી આવે છે એમ કહી કાઢવું અને તે વિષે જુજ હકીકત પણ કહેવી.

૬. પાટીયાપર શીખવી રહ્યા પછી છાપેલા નકશા જોડે તેનો મુકાબલો કરવો.

૭. સ્ટેશન, સંસ્થાન, ફોજદાર, પોલિટિકાલ એજંટ, મામલતદાર, મુન્સફ, જડજ, ગવર્નર, ભૂશિર, બેટ એવા શબ્દ કહેવાની જરૂર પડે ત્યારે એક દિવસે એક બેજ કહેવા અને તે વિષે સૂચક સવાલ કરીને તેનો અર્થ નિશાળીઆના મનપર ઠસાવવો.

ભૂશિર, પર્વત, વગેરે નમુનો કરી બતાવવો.—

૮. ગામ, પર્વત, કે નદીનાં નામ નકશામાં દેખાડે એટલે સાર્થક થયું એમ ન સમજવું. કુદરતી રચના, રાજ્ય, ધર્મ, નીપજનું ઘટતું જ્ઞાન આપવું. ઐતિહાસિક બનાવ

મોટો બન્યો હોય તે જણાવવો. મુસાફરીના રસ્તા પણ બતાવવા.

૯. પાટીયું અને નકશો એવી રીતે રાખવો કે બધા સારી રીતે જોઇ શકે. શિક્ષકે તેની એક બાજુએ ઊભા રહેવું બેઠાં બેઠાં ભૂગોળ સારી રીતે શીખવાય નહિ તેમ પૂછાય પણ નહિ.

૧૦. નકશો બતાવવાને આંગળી ન અડકાડવી. પણ કાગળનું મોરલા જેવું ભુંગળું કરી સૌ પોતાની પાસે રાખે એમ કરવું.

૧૧. જમીનપર લૂગડું પાથરી તે પર નકશો દિશા સાથે મેળવી મૂકાવવો. તેને ફરતું નિશાળીઆનું કુંડાળું બેસારી કે ઊભું રાખી શીખવવાથી વધારે સચોટ જ્ઞાન થાય છે.

ઇતિહાસ.

૧. જે વાત શીખવવાની તે શિક્ષકને પોતાને યાદ જોઇએ.

૨. પ્રથમ મોંએથી વાત કહેવી. વાત કરતાં પ્રશ્ન પૂછતું જવું કે જેથી નિશાળીઆ જાગૃત રહે અને આપણને ખબર પડે કે આપણી વાત નિશાળીઆ કેટલી સમજ્યા.

૩. વાત કર્યા પછી ઇતિહાસ વાંચન પાઠની જેમ વાંચતાં અને સમજતાં શીખવવો.

૪. વાત કરતાં કે વંચાવતાં ગામ કે સ્થળ આવે તે ક્યાં આવ્યું તે નકશામાં બતાવવું.

૫. કોઇ નામ, સાલ, કામ યાદ રાખવા લાયક આવે તે કાળા પાટીયાપર મોટે અક્ષરે લખવું.

૬. વાત કર્યા કે સમજાવ્યા વિના આ-

ટલું ઘેરથી કરી લાવજો એમ કહેવું ન જો-
ઇએ.

૭. વાત કહી દેખાડ્યા પછી કે સમ-
જાવ્યા પછી વાંચી લાવવાનું કહેવું. વંશાવળી
ગોખવા આપવી.

૮. પાઠ રસિક કરવો. શિક્ષકને વાત
કહેતાં આવડે તો પાઠ રસિક થાય.

૯. કોઇ કોઇવાર વીર પુરૂષોનાં કામ
ઉપરથી સદ્‌ગુણ દુર્ગુણ અને તેનાં ફળ વિષે
સહાયકારી કથિતપાઠ આપવો.

૧૦. કોઇ કોઇવાર વંશાવળી, વાત
કે વીર પુરૂષના સદ્‌ગુણદુર્ગુણ વિષે લખીત-
વાર જવાબ માગવા.

૧૧. પખવાડીઆમાં એકાદવાર નિ-
શાળીઆ અંદર અંદર સવાલ જવાબ કરે
તેમાં શિક્ષકે તપાસ રાખવી, અને યાદ દાસ્ત
તથા બુદ્ધિની એ ઉપરથી પરીક્ષા કરવી.

૧૨. જેટલું લેસન આપ્યું હોય તેમાં-થીજ સવાલો કરવા એમ નહિ, પણ ચાલેલા તમામ ઇતિહાસનું સંબંધપૂર્વક ખોખું મનમાં રગી રહે, એવા સવાલો વખતોવખત કરતાં રહેવું.

વ્યાકરણ.

૧ ઉદાહરણ એવાં આપવાં અને લેવાંકે એ ઉદાહરણ ઉપરથી શીખવવા ધારેલો નિયમ કે વ્યાખ્યા નીકળે.

વિશેષણ શીખવવાનું ઉદાહરણ.

" છોકરા ઊભો થા " વર્ગ સામું જોઈ એવો સવાલ કરતાં ત્રણ ચાર છોકરા ઉભા થશે. એને બેસાડી દઈ ઉભા થયેલા માંથી એકનું નામ દઈ પરમાણંદ ઉભોથા-નામ દીધાથી એકજ ઊભો થશે. એમ શાથી થયું ? પરમાણંદ કહેતાં બે ચાર

છોકરા કેમ ઊભા ન થયા ? એવા એ-
વા સવાલ પૂછવાથી, અને તેના ખરા
જવાબ લેવાથી ખાતરી કરવી કે છોકરા
એ નામ ઘણાને લાગુ પડે છે અને કે-
ચો છોકરો એમ ઓળખવાને જૂદાં જૂદાં
નામ પાડેલાં છે. ગામનાં, બાઇડીઓનાં,
પર્વતનાં, અને નદીનાં જૂદાં જૂદાં નામ
પૂછવાં. હવે ગામનાં જૂદાં જૂદાં નામ
કહો.

એક ગાયથી બીજી ગાય ઓળખાવવાને
માટે શું કહે છે. કાળી, રાતી, ધોળી, માં-
કડી.

આ બે ચાર સ્લેટમાંથી. તારી સ્લેટ તું
કેમ ઓળખ ? મારી પાટીયા વિનાનીછે.
આ બે સ્લેટમાં ફેરશો છે ? એક નાની
છે અને બીજી મોટી છે.

ફેરને જુદાપણું કે વિશેષપણું કહેછે.
પરમાણંદના ફેંટામાં અને જીવરાજના ફેં-

ટામાં જૂદાપણું શું છે ? એક રાતો છે, અને બીજો પીળો છે. ૩ અને પાણીમાં જૂદાપણું શું છે ? હલકું, ભારે, પોચું, કઠણ. જૂદાપણાનું બીજું નામ ? વિશેષપણું. હલકું, ભારે, નાની, મોટી, કાળો, ધોળો, એ બોલ વસ્તુનું જુદાપણું-વિશેષપણું જણાવે છે. માટે એને વિશેષણ કહે છે. એ વ્યાખ્યા પાટીયાપર લખી ઉદાહરણ લેવાં.

એક દિવસ રંગ અને આકાર જણાવનાર બોલ.

બીજે દિવસ સારો, નરસો, લૂચો, ચોર, ખરાબ, ભુંડો.

ત્રીજે દિવસ સંખ્યા જણાવનાર
ચોથે " સ્વાદ જણાવનાર
પાંચમે " આ, એ, ઓલ્યો, પેલો, ઇત્યાદિ દર્શક.

માણસનાં જૂદાંજૂદાં નામ છે. તેમ વ-

સ્તુનાં અને જનાવરનાં નામ પાડેતો શું થાય ? એ વિષે વિચાર ચલાવી વિશેષ નામની વિશેષણ ગરજ સારે છે એમ બતાવવું.

૨ શીખવેલી વ્યાખ્યા સારી પેઠે સમજ્યા છે કે નહિ તે જાણવા સારૂ તથા તે દૃઢ થવા સારૂ પદચ્છેદ કરાવવાનું છે. પદચ્છેદ વ્યાકરણનું મનોયત્ન છે.

૩ આ ખરૂં અને આ ખોટું એમ કહ્યે સિદ્ધિ નથી. પણ ખરૂં કેમ અને ખોટું શાથી તે પ્રશ્નો પૂછી ઉદાહરણો આપી તેમની પાસે કઢાવવું જોઇએ.

૪ જે ઉદાહરણો લેવાં તે છૂટા બોલ લેવા કરતાં વાકયમાં જેમ લેવાય તેમ વધારે સારૂં.

૫ પદચ્છેદ કરાવતાં નીચેની વાત યાદ રાખવાની છે.

ત્રીજા ધોરણમાં.

૧ અમુક બોલ કયા વર્ગમાં ગણાય અને તે શાથી ? ઉદાહરણ. ફલાણા નામને ઠેકાણે માટે સર્વનામ, ફલાણાનો ગુણ કે સંખ્યા બતાવે છે માટે વિશેષણ, ઇત્યાદિ.

૨. અમુક વાક્ય કે લીટીમાંથી અમુક વર્ગના બોલ કઢાવવા.

ચોથા ધોરણમાં.

૧ નામનું વ્યાકરણ કરી રહ્યા પછી પૂછવું કે કેવું નામ ? અને શામાટે જૂદી જૂદી વિભક્તિ, જાતિ અને વચનનાં કોઇ કોઇ રૂપ પણ પૂછવાં.

૨ સર્વનામનું વ્યાકરણ કરે ત્યારે અમુક નામને ઠેકાણે માટે ફલાણી જાતિ એમ કહ્યા પછી વિભક્તિવચન કહે. પુરૂષ, જાતિ, વિભક્તિ અને વચનનાં કોઇ કોઇ

રૂપ પૂછવાં. અમુક પુરૂષ કે વિભક્તિ શા માટે એમ પણ પૂછવું.

૩ વિશેષણનું વ્યાકરણ કરે ત્યારે વિશેષ્ય અમુક માટે ફલાણી જાતિ, વિભક્તિ અને ફલાણું વચન એમ કહેવાની ટેવ રખાવવી–જાતિ, વિભક્તિનાં જૂદાં જૂદાં રૂપ પૂછવાં.

૪ ધાતુ ફલાણો, કર્ત્તા અમુક અને કર્મ અમુક માટે સકર્મક ક્રિયાપદ. વર્તમાન, ભૂત, કે ભવિષ્યકાળ.

પાંચમા ધોરણમાં.

૧. ક્રિયાપદનું વ્યાકરણ કરવાનાં ક્રિષ્ટ-નાથ કહ્યા પછી પુરૂષજાતિ અને વચન કહે. કર્ત્તા પ્રમાણે ક્રિયાપદનાં રૂપ ફરે છે માટે કર્તરિ એ ધાતુનાં જૂદાં જૂદાં રૂપ પૂછવાં, જે કહે તેજ વાત ફેરવે, બીજી એમને એમ રહેવા દેવી જોઇએ. જૂદા જૂદા પ્રયોગ કરાવવા.

૨. અવ્યય ચારે જાતમાંથી જે જાતનો હોય તે કારણસહિત કહેવો જોઇએ.

૩. વિભક્તિનો કોની સાથે શો સંબંધ છે તે કહેવું જોઇએ.

છઠ્ઠા ધોરણમાં

સંપૂર્ણ પદચ્છેદ કરાવ્યા ઉપરાંત પૃથક્કૃતિ કરાવવાની છે. પૃથક્કૃતિમાં છ ખાનાં–કર્ત્તા, કર્ત્તાનો વધારો; કર્મ, કર્મનો વધારો; ક્રિયા અને ક્રિયાનો વધારો; એવી રીતે પાડવાં જોઇએ.

૨. અમુક શબ્દો આપી અમુક પ્રયોગનાં વાક્ય જોડાવવાં.

૩. ખોટાં વાક્ય આપી સુધરાવવાં ને તેનાં કારણ માગવાં.

૬. નામ ઉપરથી વિશેષણ, વિશેષણ ઉપરથી નામ. ક્રિયાપદ ઉપરથી નામ અને નામ ઉપરથી ક્રિયાપદ એવા બોલ પદચ્છેદ કરાવતાં આવે ત્યારે એ ઉપર વિશેષ ધ્યાન

ખેંચવું. એવા બીજા દાખલા માગવા.

૭. હોપકૃત વ્યાકરણમાં અક્ષર વિચાર વિષે છે તે જ્ઞાન પાંચમા ધોરણમાં, ને તેનું વિશેષ જ્ઞાન છઠ્ઠા ધોરણમાં આપવું જોઇએ. આ ભાગ પડતો મૂકવાનો નથી.

નકશો ચીતરવો.

૧ સાધન સારાં જોઇએ. સ્લેટ સાફ, પેન અણી કાઢેલી, અને સામે સરસ નકલ.

૨. ખાનાં અક્ષાંશ રેખાંશને અનુસરીને પડાવવાં. છઠ્ઠા ધોરણવાળાને અક્ષાંશ રેખાંશ સમજણ સહિત યાદ રખાવવા.

૩. બહારની હદ પ્રથમ શીખવવી. વાંકુ ધોંક મુકરર કરવા. છેટેમાં છેટે હદ કયા ખાના સુધી જાય છે, કયાંથી મરડાય છે, સાંકડામાં સાંકડી અને પહોળાગાં પહોળી કયાં આગળ થાય છે તે ઉપર છોકરાઓનું લક્ષ ખેંચવું.

૪. એક સાગટી બહારની તથા માંહેના પ્રાંતોની હદ ધ્યાન રાખ્યા વગર ગમે તેમ કાઢે છે તેમ કરવા ન દેવું. થોડે થોડે રોજ નવું શીખવવું.

૫. અમુક સ્થળ કયા ખાનામાં કયે ઠેકાણે આવે તે અસલ નકલ સાથે મુકાબલો કરી બતાવવું.

૬. શિક્ષક પોતે નકશો પાટીયા ઉપર ચીતરી બતાવે તો વધારે સારૂં.

વ્યુત્પત્તિ.

સંધિના નિયમ અને સમાસની સમજ પડ્યા સિવાય વ્યુત્પત્તિ સારી આવડતી નથી.

૨. અમુક શબ્દ અમુક ભાષાનો છે એવું આ ઠેકાણે કહેવરાવવામાં કાંઇ ફાયદો નથી, ઉલટું નુકશાન છે.

૩. પ્રથમ સામાસિક શબ્દોનાં જૂદાં

જૂદાં પદ કઢાવવાનો મહાવરો કરાવવો.

૪. પદ જૂદાં કરાવતાં સંધિના નિયમ અને સમાસની સમજણ આપતાં જવું.

૫. સામાસિક શબ્દોની કાંઇક સમજ પડ્યા પછી આદ્યય પ્રત્યય અને તેના અર્થ બતાવવા.

૬. આદ્યય પ્રત્યય લાગતાં આદ્યસ્વર, અંત્યસ્વર અને ઉપાંત્ય સ્વરમાં થતો વિકાર જણાવવો.

૭. શબ્દોનો મૂળ અર્થ, ચલુ અર્થ અને તે ફરી જવાનું કારણ સમજાવવું.

પિંગળ.

(૧). પીંગળ શીખવવાથી કવિતા કરતાં આવડે એમ નથી પણ એથી કવિતાની ખૂબી સમજાય છે.

(૨). તાળ સહિત કવિતા વાંચતાં શીખવી, એ પિંગળનું પહેલું પગથીઉં છે.

(૩). હ્રસ્વ, દીર્ઘ, ગુરૂ, લઘુ, ગણ, માત્રા, તાળ એ આરંભ પ્રશ્ન છે.

(૪). માપ પ્રથમ કહી ન દેતાં કવિતાનાં માપપર લક્ષ ખેંચવું એ બીજું પગથીઉં છે.

(૫). રસ, અલંકાર, અને ગુણદોષની સમજુતી આપવી એ ઉંચું પગથીઉં છે.

(૬) નિશાળીઆ પાસે કવિતાનાં ચરણ ઉપરથી તાળ, માપ કઢાવી પાટીયાપર સાક્ષાત્કાર કરવાં જોઇએ.

ભૂતળ.

(૧). ભૂગોળનો આ ભાગ બીજા ભાગ કરતાં વધારે કામનો છે સ્થાઇ છે અને સમજપૂર્વક શીખવ્યો હોય તો ગોખ્યા સિવાય યાદ રહેછે.

(૨). આ વિષય છઠ્ઠા ધોરણમાંજ શીખવવાનો છે એમ નથી પણ ભૂગોળની સાથે-

જ તેની શરૂઆત થાય છે.

(૩) પર્વત, નદી, દરિયો, મેદાન, ખીણ, અને રણ એમાંનું જે કાંઇ ગામની નજીક હોય તેના વિષે પ્રથમ વાત ચલાવવી, અને રોજના બનતા બનાવ અને તેના પરિણામપર લક્ષ ખેંચવું.

(૪). પૃથ્વીનો આકાર સમજાવવાને સમજમાં ઉતરે તેવી શાબીતિ ઉપર ધ્યાન દોડાવવું અને થતી શંકાઓનું નિવારણ કરવું.

(૫). ભૂગોળ રેખાઓ અને તેનો ઉપયોગ સમજાવવો.

(૬). પૃથ્વીની દૈનિક ગતિ અને વાર્ષિક ગતિ શી રીતે થાય છે તે ગોળો દીવાની આસપાસ ફેરવી, પરિણામ રાત્રી દિવસ અને ઋતુભેદ થાય છે તે જણાવવું.

(૭). કાચનાં પ્યાલામાં બરફ નાંખી ધુમસ, ઝાકળ, બરફ, કરા એ પાણીનાં રૂપ

છે તે સાક્ષાત્કાર કરાવવું. એટલું થયા પછી પવન અને વરસાદની સમજ પાડવી.

(૮). ભરતીઓટ અને દરિયાનાં વહન.

(૯). પ્રાણી અને વનસ્પતિ ઉપર હવા પાણીથી થતી અસર. એટલું નિશાળમાં શીખવાય તો બસ છે.

નિબંધ.

(૧). વિચાર કરતાં અને તે વિચાર બીજાને વિશેષે કરીને લખી જણાવતાં આવડે એવી શક્તિ આણવા માટે નિબંધનો વિષય દાખલ કરેલો છે. કારણ કે આ શક્તિ વિના ભણતર નકામું થાય છે ને કેળવણીનો હેતુ પાર પડતો નથી.

(૨). આ વિષયની છઠ્ઠા ધોરણમાંજ શરૂઆત થાય છે, એમ સમજવાનું નથી. વાંચતાં લખતાં શીખે છે ત્યારથીજ થોડું ઘણું

જાણે અજાણે ધ્યાન અપાય છે, પણ સમજ-પૂર્વક ધ્યાન અપાયું હોય તો ઘણો ફાયદો થાય છે. વાત કહેવરાવવી; વાંચનપાઠ અને કવિતાની મતલબ બોલાવવી કે લખાવવી; ચિઠ્ઠીઓ, કાગળ પત્ર લખાવવા; વાક્યરચના, પદાર્થ પાઠ, ડીકટેશન એ બધાં નિબંધના અંગ છે.—

(૩). વિચારપૂર્વક લખવાની ટેવ પાડવાથી માણુસનું જ્ઞાન ચોકસ થાય છે અને તે બીજાને ઉપયોગમાં આવે છે.

(૪). સારો શિક્ષક પદાર્થ પાઠ, વાક્યરચના કે કવિતાની મતલબ શીખવતાં નિબંધને રસ્તે વિદ્યાર્થીને દોરે છે.

(૫). અમુક વિષય વિષે પાંચ સાત કે વધારે લીટી યાદ રાખી તે પ્રમાણે લખી જવું એ નિબંધ નથી.

(૬). હાલના ચાલતા છઠ્ઠા ધોરણમાં

નીચે પ્રમાણે મનોયત્ન આપવાં.

૧. અમુક શબ્દો આપી તે શબ્દો આવે તેવાં વાકય લખી મંગાવવાં.

૨. પછી અમુક પ્રયોગમાં વાકય લાવવાં એમ કહેવું.

૩. મૂળ વાકય આપી જૂદી જૂદી રીતે વધરાવવાં.

૪. સ્તુત્યર્થે વાદનાં વાકયમાંથી મૂળ બાદનાં વાકય કઢાવવાં.

૫. ખોટાં વાકય આપી સુધરાવવાં.

૬. સામાન્ય પદાર્થના ગુણ ભાગ અને ઉપયોગ વિષે વર્ણન કરતાં શીખવવું.

૭. વાંચેલા પાઠમાંથી મુદ્દા કાઢતાં અને આપેલા વિષયનાં પેટાં પાડતાં શીખવવું.

૮. શિક્ષકે વાત કહેવી કે વાંચવી અને પછી તે લખી લાવવા કહેવું.

૯. કોઈ કોઈવાર શિક્ષકે ખોટું કરી આ

પવું અને તે નિશાળીઆ પાસે પૂરાવવું.

૭. લખી લાવ્યા હોય કે લખાવ્યું હોય તેમાંથી અનુક્રમે દરેક જણ વાંચે અને બીજા તેની ભૂલો નોંધે એમ કરવું. એક પારેગ્રાફ પૂરો થયા પછી ચરચા ચલાવવી. વિચારની ભૂલ છે કે ભાષાની; તે ખરી કેમ અને ખોટી કેમ તે સમજાવવું. ભાષામાં પણ અશુદ્ધ શબ્દની, વાકય રચનાની, કઢણ શબ્દની કે રૂઢીની ભૂલ છે તે ઉપર લક્ષ ખેંચવું.

૮. નવલરામ કૃત નિબંધરીતિ વાંચવી અને તેનો ઉપયોગ કરવો.

ભૂમિતિ.

(૧). બધી વ્યાખ્યા, સ્વીકૃત પક્ષ, અને પ્રત્યક્ષ પ્રમાણુ જાણ્યા પછીજ સિદ્ધાંત ચલા·

વના એમ નહિ પણ અગત્ય જણાતી જાય તેમ વ્યાખ્યા, સ્વીકૃત પક્ષ, અને પ્રત્યક્ષ પ્રમાણ સમજાવવાં અને ગોખાવવાં.

(૨). બિંદુ, સીધી લીટી, સમ બાજુ ત્રિકોણ, ગોળ અને ત્રિજ્યા એ સમજાવ્યા પછી નિશાળીઆને પહેલો સિદ્ધાંત પાટીઆપર નીચે પ્રમાણે કહી સિદ્ધ કરી બતાવવો

આ એક અંતવાન સિધિ લીટ છે તેની ઉપર એક સમ બાજુ ત્રિકોણ કરવો છે. માપવાનાં હથીઆર વાપરવાનાં નથી પણ ગમે તે બે બિંદુ સાંધી સીધી લીટી દોરવાની, તથા ગમે તે બિંદુને મધ્ય બિંદુ ધારી ગમે તેટલે અંતરે ગોળ દોરવાની છૂટ છે.

(૩). ક્રમે ક્રમે તમામ વ્યાખ્યા રંગાકૃત ઉપરથી શીખવવી અને તે પછી ચોપડીમાં કયે ઠેકાણે છે તે બતાવી સંખ્યા સાથે યાદ રખાવવી.

(૪). અક્ષર વાપર્યા સિવાય પ્રથમ સિદ્ધાંત પાટીયાપર સિદ્ધ કરી બતાવવો. બાદ લીટી બે અક્ષરથી, ગોળ અને ખૂણો ત્રણ અક્ષરથી, અને ચોખૂણુ ચાર અક્ષરથી, શી રીતે બતાવાય છે તે સમજાવવું.

(૫). સિદ્ધાંતમાં શું આપેલું છે અને શું નવું કરવાનું છે અથવા શી શી વાતો સાબિત કરવાની છે તે સ્પષ્ટ સમજાય એટલા માટે પાટીયાપર જૂદું જૂદું લખવું. અને વારે વારે પૂછવું.

(૬). થોડુંક આગળ ચાલ્યા પછી નવો સિદ્ધાંત સિદ્ધ કરવાનો નિશાળીઆને યત્ન કરવા દેવો, સૂઝે તેવી રીતે માર્ગ બતાવવો, શી શી વાતનો ખપ પડશે તે પૂછવું અને કહેવું.

(૭). સિદ્ધાંત સારી રીતે પાટીઆપર સિદ્ધ કરતાં આવડ્યા પછી ઘેરથી લખી લાવે તેમ કરવું.

(૮). સિદ્ધ કરતાં અને લખતાં આવ-ડયા પછી દલાલકૃત ભૂમિતિમાં જે પ્રશ્નો આપેલા છે તેના જવાબ કઢાવવા પ્રયત્ન કરવો.

(૯). દરેક સિદ્ધાંત સિધ્ધ કરી બતા-વ્યા પછી, તેમાં કયા કયા સિધ્ધાંતનો, સ્વી-કૃત પક્ષ કે પ્રત્યક્ષ પ્રમાણનો કેવી રીતે ખ-પ પડયો તે કઢાવવું.

(૧૦) જૂદી જૂદી પ્રતિજ્ઞાઓનો સંબં-ધ, ઉલટ પક્ષ કે મળતાપણું હોય તે બતાવવું.

દેશીનામું

(૧). ઘણી અગત્યતા જાણી કાપીઉં વ્યાજ પાંચમા ધોરણથી શીખવવાગાં આવેછે પણ ખરેખરૂં જોઇએ તો એ દેશીનામાનું સા-તમું આઠમું પગથીઉં છે. જમા ઉધારની સ-મજણ પાડવી એ પહેલું પગથીઉં છે.

(૨). મેળ દોરવો, રોકડ રકમો જમા ઉધાર કરવી, પેટું પાડી વિગત લખવી એ બીજું પગથીઉં.

(૩). મેળ મેળવવો અને વધઘટ થાય ત્યારે શું કરવું તે સમજાવવું.

(૪). પૈસા વટાવ્યાની તથા જૂદી જૂદી જાતના વટાવની વાત દાખલ કરવી.

(૫). ખરીદ તથા વકરાખાતું સમજાવવું.

(૬). ઉધાર માલ વેચ્યો કે લીધો હોય તેનું નામું શી રીતે માંડવું તે બતાવવું.

(૭). હવાલો નાંખતા શીખવવું.

(૮). રોજમેળ સારી પેઠે આવડ્યા પછી ખાતાવહી રાખવાનું કારણ શોધી કઢાવી, તેની સમજણ આપી, ખાતાવહીમાં ખતવતાં શીખવવું.

(૯). બધાજ ખાતાનું વ્યાજ કઢાવી જમાખરચે નંખાવવું.

(૧૦). નોંધ વિષે અને હુંડીનો નોંધ શી રીતે થાય છે તે બતાવવું.

(૧૧). રોકડમેળ, નોંધ અને વ્યાજવહી ઉપરથી આવરો કરાવવો.

(૧૨). ખાતાં માંડી વાળતાં અને સરવાયું કાઢતાં શીખવવું.

(૧૩). ધડીઉં, બેઠો રોજમેળ, બેઠી ખાતાવહી, વછીયાતવહી, કબાલાવહી વગેરે ચોપડા વિષે સમજુતી આપવી.

(૧૪). એક બીજા ચોપડાનો મુકાબલો કરાવવો.

(૧૫). આબેહુબ ચિતાર પાડવાને અને છોકરાઓના મનપર ખરી સમજણ ઠસે તેને માટે નીચે પ્રમાણે કરવું જોઇએ.

(૧). પાંચ સાત દુકાનો છોકરાના નામની કઢાવવી. અને તે દરેક દુકાન દીઠ અકેકી થેલી આપવી. તે થેલીમાં જૂદા

ખાનાં રખાવવાં. એક ખાનામાં રૂપા નાણું, બીજામાં પૈસા ને પાઇ, ત્રીજામાં ન ચાલતા સિક્કા, અને ચોથામાં નોટો રખાવવી.

(૨). રૂપાનાણાંને બદલે કલઇના ગોળ કકડાઓ. બેવડીઆ પૈસા અને પૈસાને બદલે ઠીકરાના જાડા પાતળા નાના મોટા ગોળ કકડા, અરધા પૈસાને માટે કચુકા, પાઇને માટે ચામડાની ગોળ ચકતીઓ.

(૩). ઠીકરાના ગોળ કકડા ઉપર લૂગડું શીવડાવી તેને દીલ્લી સિક્કાના રૂપિયા ગણવા. સુતરનાં બુતાન એ બાબાશાઇમાં લેખવાં.

(૪). બનાત ઉપર જાડાં પૂઠાં આવે છે, તેના ચોખંડા કકડા કાતરી નોટો બનાવવી. અને તે ઉપર કિંમતના આંકડા

નંબર ગુજરાતી તથા બાળબોધમાં લખવા.

એવી રીતના નાણુાથી ખરેખરી રીતે જાણે દુકાન ચાલતી હોય એવી રીતે લેવડદેવડ કરાવવી અને જેમ લેવડદેવડ થતી જાય તેમ સ્લેટમાં નામું લખાતું જાય છેવટ મેળ બધા પાસે મેળવાવવો.

(૫). નોંધને માટે પણ એમજ ચાલે એટલે એકબીજા પાસે ચીંધાવવા, હવાલા નંખાવવા, હુંડીઓ લખાવવી, લેચાતી લેવડાવવી, અને એક બીજા ઉપર બીડાવવી. અને તેનું નામું મંડાવવું. પ્રથમ થોડી લેવડદેવડ કરાવવી અને જેમ જેમ શીખતા જાય તેમ તેમ લેવડ દેવડ વધારતા જવું. સારી રીતે આવડે ત્યારે કાગળમાં લખવાની ટેવ પાડવી.

(૧૬), જૂદાં જૂદાં મનોયત્ન આપી ઘેરથી લખી મંગાવવું.

શરીરની કેળવણી.

શરીરની કેળવણી મળવાનું સ્થાન ઘર અને કસરતશાળા છે તોપણ તે સંબંધી નીચે પ્રમાણે શિક્ષકોની ફરજ છે.

૧ નિશાળના વખત બહાર રમવા માટે કોઇ છોકરાને કોઇપણ જાતની સજા ન કરવી.

૨ રમવાનો વખત ન મળે એટલું લેસન ન આપવું.

૩ નિશાળમાં એકની એક સ્થિતિમાં વિદ્યાર્થીઓને ઘણી વખત બેસારી ન રાખવા.

૪ અદબ વાળીને બેસે છે કે ઊભા રહે છે તે ટેવ છોડાવવી. જવાબ આપવા ઉભા થાય ત્યારે પાછળ હાથ રખાવવા.

૫ વારે વારે ડ્રીલ કરાવવી.

૬ વાંચતી વખત ચોપડી બહુ પાસે રાખવાની અને લખતી વખત બહુ વાંકા વ-

ળીને લખવાની ટેવ પાડવા ન દેવી.

૭ **રમત અને કસરતને ઉત્તેજન આપવું.**

૮ વાંકા વળી ગયા હોય તેવી રીતે કે પોઠ ઢળી હોય તેવી રીતે નિશાળીઆને બેસવા ન દેવા. સીધા, ટટ્ટાર, છાતીભેર બેસવાની ટેવ પાડવી.

૯ સ્વચ્છતાપર ધ્યાન આપવું.

૧૦ ઉડતા કે ચેપીરોગ વાળાને નિશાળમાં ન આવવા દેવા.

નીતિની કેળવણી.

૧ કેળવણી આપવાનો હેતુ માણસાઇ આણવાનો છે પણ એકલી બુદ્ધિની કેળવણીથી માણસપણું આવતું નથી શારીરની અને નીતિની કેળવણી પણ સાથે સાથે આપવાની ઘણી જરૂર છે.

૨ નિઃકૃષ્ટ ભાવને હદમાં રાખી ઉત્કૃષ્ટ

ભાવને ખીલવવા એથી માણુસાઇ પ્રાપ્ત થા-
ય છે.

૩ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મ-
ત્સર એ નિઃકૃષ્ટ ભાવછે એનો બીલકુલ નાશ
કરવાને ।નથી પણ હદમાં રાખવાની જરૂર છે.

૪ દયા, ક્ષમા, પ્રેમ, નમ્રતા અને ઉ-
દારતા એ ઉત્કૃષ્ટ ભાવ છે.

૫ મા તેવી દીકરી, બાપ તેવા બેટા,
અને ગુરૂ તેવા શિષ્ય માટે શિક્ષકે નીતિના
નમુના થવું.

૬. લેખન, વાંચન પાઠ, ગણિત, ઇ-
તિહાસ, અને રમત, ઇત્યાદિમાં નીતિ શી-
ખવવાનો પ્રસંગ શિક્ષકને ઘણીવાર મળે છે.

૭ વાર્ત્તા, દાખલા, અને તાત્કાલિક બ-
નેલા બનાવથી નીતિ શીખવવી.

૮ ધાવતાં નાના બાળકને અડચણ ન
થાય એટલા, માટે તેની મા ખાવા પીવાની

પરહેજી રાખે છે. તેમ વિદ્યાર્થીમાં ખરાબ લક્ષણ ન આવે એટલા માટે શિક્ષકે બોલવા ચાલવાની પરહેજી રાખવી જોઈએ.

૯ ઇશ્વર પ્રત્યે, વડીલો પ્રત્યે, અને બીજાં પ્રાણીઓ પ્રત્યે કેવી વર્ત્તણુંક રાખવી, શું કરવું, અને શું ન કરવું; એ વાર્ત્તા, દાખલા અને તાત્કાલિક બનેલા બનાવ ઉપરથી પ્રસંગોપાત બતાવતાં રહેવું જોઇએ.

૧૦ કહેવું એ ખરૂં અને કરી પણ બતાવવું.

૧૧ સદ્ગુણ અને દુર્ગુણ વિષે કથિતપાઠ આપવા. એવા પાઠ કથિતપાઠમાળામાં નમુના તરીકે થોડાક આપેલા છે.

ખબર.

જણાવવાની તક લઉ છું
ોપયોગી પુસ્તકો નીચેનાં

કીમત.

... ...રૂ. ૦—૧૨—૦

... ...રૂ ૦—૩—૦

... ...રૂ ૦—૩—૦

ઓગણીશ નકલ લે[illegible]

વીશ અને [illegible] [illegible]

કા કમીશન આપવામાં

[illegible] માટે